સ્પેશીયલ મુકદમા નંબર:– ૦૨/૨૦૨૨

આંક:–૫ નીચે હુકમ:

(૧) આ કામે વાદી તરફે હાલની અરજી દિવાની કાર્યરીતી અધિનિયમ હુકમ: ૩૯ નિયમ ૧–૨ મુજબ આપી, એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે દાવાવાવળી મિલ્કત જેનો સર્વે નંબર–૨૪૩ (જુના સર્વે નંબર:– ૧૧૯/૨) જેના એકર ગુંઠા ૧૮–૦૭ વાળી જમીન છે તે જમીન વાદીના દાદા ખીમા ઉર્ફે રાજી ખીમજીના નામે આવેલ હતી. જેમનું અવસાન તા. ૧૯/૦૧/૧૯૯૩ ના રોજ અવસાન થતા તા. ૧૩/૦૬/૧૯૯૪ ના રોજ વારસાઈ થયેલ અને તે મુજબ દાવાવાળી સર્વે નંબર:– ૧૧૯ વાળી જમીન વાદીના પિતાશ્રીના નામે આવેલ. જે મુજબ દાવાવાળી મિલ્કત વાદીની વડીલોપાર્જીત જમીન આવેલ હતી. જે જમીનમાં વાદીનો વારસાઈ હકક ડુબાડવા માટે વેચાણ દસ્તાવેજ નંબર:– ૮૦૪/૨૦૧૭ તા. ૧૮/૧૦/૨૦૧૭ ના રોજ વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં. ૪ પરાગ ગુલાબચંદ શાહના નામનો કરી આપેલ. જે બાબતે ગામ નમુના નં ૬ હકક પત્રકમાં ફેરફાર નોંધ નંબર:– ૮૩૪ તા. ૧૫/૦૧/૨૦૧૮ ના રોજ પાડવામાં આવેલ. ત્યારબાદ હાલની દાવાવાળી જમીન પ્રતિવાદી નં. ૫ થી ૭ નાઓને વેચાણ કરી દેવામાં આવેલ છે. ત્યારે આ કામના વાદી જેઓ મહારાષ્ટ્રમાં રહે છે. તેઓની ગેરહાજરીનો લાભ લઈ, પ્રતિવાદીએ એકબીજાને મેળાપીપણામાં વાદીનો વારસાઈ હકક ડુબાડવાના ઈરાદા સાથે આ જમીન વેચાણ કરી દેવામાં આવેલ છે. તે બાબતે વાદીને કયારેય જાણ કરવામાં આવેલ નથી. તે મુજબ આ કામના વાદીના પિતાએ વેચાણ દસ્તાવેજમાં જણાવવામાં આવેલ કિંમતથી ખુબ વધારે કિંમત હોય તેમ છતાં ખોટી રકમ દર્શાવી વેચાણ કરેલ છે. ત્યારે વાદીને તેમના વિરૂધ્ધ કાવતરાની ગંધ આવતા તેઓએ રેવન્યુ રેકર્ડ કઢાવેલ. ત્યારે તેઓને આ બાબતની જાણ થતાં તેઓને હાલના દાવો દાખલ કરવા માટે કારણ મળી રહેલ છે. ત્યારે ચાલુ દાવા દરમ્યાન આ જમીન પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓ જાતે કે તેમના માણસો, નોકરી કે એજન્ટો મારફત ટ્રાન્સફર કરે નહી કે બીન ખેતીમાં ફેરવવા માટે કાર્યવાહી કરે નહી કે કરાવે નહી કે પ્લોટીંગ કરી વેચાણ કરે નહી કે બક્ષીસ, મોર્ટગેજ, લીઝથી કે અનય કોઈપણ રીતે ટ્રાન્સફર કે એસાઈન કરે નહી કે કરાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૨) હાલની અરજીની નોટીસ આ કામના પ્રતિવાદીઓને કરવામાં આવતા તમામ પ્રતિવાદીઓને આ નોટીસ ધોરણસર બજી ગયેલ છે. જેમાં પ્રતિવાદી નં.૧–૨ દ્વારા વકીલશ્રી એસ. વી. ભટ્ટનાઓને તથા પ્રતિવાદી નં. ૩ તરફે વિ. વ. શ્રી એમ. એમ. ઠાકોરનાઓને તથા પ્રતિવાદી નં. ૪

તરફે વિ. વ. શ્ર એસ. ડી. મહેતાનાઓને તથા પ્રતિવાદી નં. ૫,૬,૭ નાઓની તરફે વિ. વ. શ્રી જે. જી. ભદ્રાનાઓને રોકવામાં આવેલ છે. જે પૈકી પ્રતિવાદી નં. ૪ ધ્વારા આંક:– ૨૯ થી પોતાનો દાવા જવાબ રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી નં. ૫ થી ૭ તરફે આંક:–૩૨ થી પોતાનો દાવા જવાબ રજુ કરવામા આવેલ છે. જયારે પ્રતિવાદી નં. ૩ તરફે આંક:–૪૧ થી પોતાનો દાવા જવાબ રજુ કરવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી નં. ૧ તથા ૨ તરફે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી.

(૨.૧) આ કામે પ્રતિવાદીઓનો જવાબ ધ્યાને લેવામાં આવે તો તે પૈકી પ્રતિવાદી નં. ૪ ધ્વારા પોતાના દાવા જવાબમાં એવી તકરાર લેવામાં આવેલ છે કે, દાવાવાળી મિલ્કતનું વિભાજન થયા બાદ પ્રતિવાદી નં. ૧ નાઓ દાવાવાળી તકરારી મિલ્કતના સ્વતંત્ર માલીક બનેલ છે. ત્યારે વાદીનો કોઈ હકક હીસ્સો સમાયેલ નથી. ત્યારે તકરારી જમીન વેચાણ બાદ માત્ર પ્રતિવાદી નં. ૧ તથા વાદીની દાનત બગડતા હવે માત્ર હેરાન કરવા સારૂ હાલનો દાવો દાખલ કરેલ છે. તે મુજબ પ્રતિવાદી નં. ૧ ધ્વારા પહેલા સ્પેશીયલ દાવા નંબર:– ૮/૨૦૨૧ થી દાવો દાખલ કરેલ અને તેમાં નિષ્ફળ નીવડતા હાલનો દાવો કરવામાં આવેલ છે. ત્યારે અમોએ કરાવેલ કાયદેસરના વેચાણ દસ્તાવેજ બાદ માલીક અને કબજેદાર બન્યા બાદ, અમોએ હાલની જમીન પ્રતિવાદી નં. ૫ થી ૭ વાળાનાઓને કાયદેસર રીતે વેચાણ કરવામાં આવેલ છે. તે મુજબ તેઓ માલીક અને કબજેદાર બનેલ છે. ત્યારે હાલની અરજી રદ કરવા રજુઆત કરવામાં આવેલ છે. પોતાના જવાબના સમર્થનમાં દસ્તાવેજી આધારો આ કામે રજુ કરેલ છે.

(૨.૨) જયારે પ્રતિવાદી નં. ૫ થી ૭ ધ્વારા પોતાના આંક:– ૩૨ વાળા જવાબમાં એવી બચાવ લેવામાં આવેલ છે કે, વાદી અને અન્ય પ્રતિવાદીઓએ કોલ્યુઝનમાં હાલનો દાવો દાખલ કરેલ છે. તેઓએ પ્રતિવાદી નં. ૪ નાઓને જમીનની તમામ અવેજની રકમ કાયદેસર રીતે ચુકવી આપેલ છે. ત્યારે હાલના પ્રતિવાદી મોનાફાઈડ પરચેઝર છે. તેમજ અગાઉ પાડવામાં આવેલ તમામ રેવન્યુ નોંધો આજ દિન સુધી પડકારવામાં આવેલ નથી. તેમજ હાલના પ્રતિવાદીઓએ યોગ્ય રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવેલ છે. ત્યારે વાદીને હાલનો દાવો દાખલ કરવા માટે કોઈ કારણ મળી રહેતું નથી. ત્યારે હાલની મનાઈ અરજી રદ કરવા રજુઆત કરવામાં આવેલ છે. પોતાના જવાબના સમર્થનમાં દસ્તાવેજી આધારો આ કામે રજુ કરેલ છે. તેમજ નિ ૩૩/૩ થી આ કામે પ્રતિવાદી નં. ૧ ધ્વારા દાખલ કરવામાં આવેલ દાવાની નકલ તથા નિ. ૩૩/૪ થી પોતે આપેલ જવાબ રજુ કરેલ છે.

(૩) ત્યારે આ કામે વાદી તરફે વિ. વ. શ્રી એમ.જે. બગડા દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, હાલનો દાવો સ્પેશીફીક પરફોર્મન્સ માટે તથા વિભાજન માટે દાખલ કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ વાળાનાઓ વાદીના પિતા તથા સગા છે. તેમજ પ્રતિવાદી નં. ૪ આ જમીન ખરીદનાર છે. જયારે પ્રતિવાદી નં. ૫ થી ૭ નાઓ નવા ખરીદનાર છે. દાવાવાળી જમીન દાદાની માલીકીની હતી. જેમાં વાદીનો હકક હીસ્સો જન્મથી સમાયેલ હોય છે અને પ્રતિવાદી નં. ૧ કે જેઓ વાદીના પિતા છે તેઓ માત્ર ટ્રસ્ટી તરીકે હોય છે. ત્યારે વાદી મુંબઈ મુકામે રહેતા હોવા માત્રથી તેઓની જાણ બહાર તેમના પિતા દ્વારા જમીન વેચાણ આપી દીધેલ છે અને જેમાં વાદીનો હકક હીસ્સો સમાયેલ હતો. જે વેચાણ કરવાની તેઓને કોઈ સત્તા ન હતી. ત્યારે વાદી દ્વારા પોતાનો હિસ્સો માંગવા માટે હાલનો દાવો દાખલ કરેલ છે. તેમજ આ મિલ્કત બાબતે વધુ દાવાદુવી ન થાય તે માટે હાલની મનાઈ અરજી દાખલ કરવામાં આવેલ છે. ત્યારે દાવાવાળી જમીનમાં વાદીનો કોઈ હકક હિસ્સો ન હોવા બાબતે કોઈ તકરારી પ્રતિવાદીઓ તરફે લેવામાં આવેલ નથી. તેમજ કાયદાકીય સ્થીતી ધ્યાને લેવામાં આવે તો કાયદો પણ વાદીનો હકક માન્ય રાખે છે. ત્યારે હાલની અરજી માટે પોતાનો પ્ર થમદર્શનીય કેસ, સગવડતાની સમતુલા તથા જો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જતું હોવાની તમામ હકીકતો વાદી દ્વારા પુરવાર કરવામાં આવેલ હોય, હાલની અરજી મંજુર કરવા રજુઆત કરવામાં આવેલ છે અને પોતાની રજુઆતોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો આધાર લીધેલ છે.

(1) 2003(0) G. L. H. 138 Ashwinbhai Somabhai Patel Vs. Nrugendraprasadji Ajendraprasadji Pandey.

(2) 2000(0) G.L.H.E.L.H.C. 200158, Adani Export Limited V/s. Hindustan Organic Chemicals.

(3) 2008(1) G. L. H. 543 Khodabhai K Mali V/s. Rasiklal B Bhodbunja

(4) 2014(0) AIJEL-HC 231476, Rajesh Patel V/s. Rajendra Patel.

(5) AIR 2010SC 2807, Suhrid Singh Singh V/s.. Randhir Singh

(6) AIR 1996 SC 867 Dorab Cawasji Warden V/s. Soomi Sorab Warden

(7) AIR 1961 Punjab 528 Sant Ram Nagina Ram V/s.Daya Rum Nagina

(8) 2006(1) G. L. H. 171 Kantibhai Ishwarbhai Patel V/s. Chandrakant Ishwarbhai Patel.

(૪) જયારે પ્રતિવાદી નં. પ થી ૭ ધ્વારા વિ. વ. શ્રી જે. જે દવે ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે વાદી ધ્વારા જે વેચાણ દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે જે આ કામે નિ. ૩/૧૩ થી રજુ કરવામાં આવેલ છે તે સને ૨૦૧૭ ના વર્ષમાં કરવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી નં. ૪ વાળાનાઓએ આ વેચાણ દસ્તાવેજ બાદ ૨૦૨૦ ના વર્ષમાં વેચાણ દસ્તાવેજ કરાવેલ છે. જે બાબતે રેવન્યુ રેકર્ડમાં પણ નોંધ પાડવામાં આવેલ છે. તે બાબતે આ કામના પ્રતિવાદી નં. ૧ ધ્વારા ૨૦૨૧ ના વર્ષમાં સ્પે. દિ. મુકદમા નંબરઃ– ૦૮/૨૦૨૧ થી દાખલ કરવામાં આવેલ. જે દાવામાં પણ પ્ર તિવાદી નં. ૧ નાઓને કોઈ મનાઈ હુકમ આપવામાં આવેલ નથી. ત્યારબાદ આ દાવો વાદીની ગેરહાજરીના કારણસર ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ વેચાણો બાબતે રેવન્યુ વિભાગમાં પાડવામાં આવેલ કોઈ પણ નોંધ હાલના દાવાના કામે પડકારવામાં આવેલ નથી. ત્યારે માત્ર જમીનના ભાવ વધવાના કારણસર વાદીએ હાલના પ્રતિવાદી સાથે કોલ્યુઝન કરી, હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. ત્યારે હાલની મનાઈ અરજી અનુસંધાને વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ બનતો ન હોય, સગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં ન હોય, તેમજ જો મનાઈ હુકમ આપવામાં ન આવે તો પણ તેઓને કોઈ નુકશાન થતું ન હોય, ત્યારે હાલની મનાઈ અરજી નામંજુર કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(પ) સદરહુ અરજી અને માંગવામાં આવેલ દાદ અનુસંધાને મારા મતે ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

મુદા નં–૧	શું વાદીનો પ્રાઈમાફેસી કેસ છે?
મુદા નં–૨	શું વાદી સાબીત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેણમાં છે?
મુદા નં–૩	શું વાદીને માગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો નાણાંમાં નિવારી ન શકાય તેવું નુકસાન થાય તેમ છે?
મુદા નં–૪	શું હુકમ?

(૬) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે પ્રમાણે છે.

મુદા નં–૧ ''***નકારમાં***''

મુદા નં–ર ''***નકારમાં***''

મુદા નં–૩ ''***નકારમાં***''

મુદા નં–૪ આખરી હુકમ પ્રમાણે.

ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે પ્રમાણે છે.

–:: <u>કા ર ણો</u> ::–

<u>મુદા નં–૧</u>

(૭) આ કામે હાલના વાદી ધ્વારા હાલની અરજી દિવાની કાર્યવાહી અધિનિયમ હુકમ:– ૩૯ નિયમ ૧–ર મુજબ દાખલ કરી પ્રતિવાદી નં. ૧ થી ૭ વાળાઓએ દાવાવાળી મિલ્કત જાતે તેમના માણસો, નોકરો કે એજન્ટો મારફત ટ્રાન્સફર કરે નહી કે બીન ખેતીમાં ફેરવવા માટે કાર્યવાહી કરે નહી કે કરાવે નહી કે પ્લોટીંગ કરી વેચાણ કરે નહી કે બક્ષીસ, મોર્ટગેજ, લીઝથી કે અન્ય કોઈપણ રીત ટ્રાન્સફર કે એસાઈન કરે નહી કે કરાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ મેળવવા હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે ઉપરોકત વચગાળાની દાદ મેળવવા માટે વાદી ધ્વારા જે હકીકતો રજુ કરવામાં આવેલ છે તેને ધ્યાને લેવામાં આવે તો તેઓએ સૌ પ્રથમ આ દાવાવાળી જમીનમાં તેમનો વડીલોપાર્જીત હિસ્સો હોવાનો આધાર રાખી અને પ્રતિવાદી નં. ૧ કે જેઓ તેમના પિતા થાય છે. તેઓ ધ્વારા કરવામાં આવેલ વેચાણ પડકારવામાં આવેલ છે. તેમજ તેમના વારસાઈ હકક હોવા આધારે હાલનો દાવો તથા હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે વાદી ધ્વારા જે હકીકત આધારે હાલની અરજી દાખલ કરી પોતાનો પ્રથમદર્શનીય કેસ હોવાની રજુઆત કરવામાં આવેલ છે. તે ધ્યાને લેતા તેઓએ પોતાના વારસાઈ હકક આધારે તેમના પિતા ધ્વારા તેમના ભાગની જમીનનો પણ વેચાણ દસ્તાવેજ કરી દીધેલ હોવાથી હાલનો દાવો દાખલ કરેલ છે. ત્યારે આ કામે પ્રતિવાદી નં. ૧ એ જેઓ વાદીના પિતા થાય છે. તેઓએ આ જ વેચાણ વ્યવહાર બાબતે અગાઉ સ્પેશીયલ દાવા નંબર– ૮/ર૦ર૧ થી દાખલ કરેલ. જે દાવાના કામે વાદીના પિતાને કોઈ રાહત મળેલ હોય તે બાબતે કે વાદી ધ્વારા પોતાની સમગ્ર દાવા અરજીમાં તેમના પિતા ધ્વારા પણ કોઈ દાવો દાખલ કરવામાં આવેલ અને તેમાં તેમના ધ્વારા માંગવામાં આવેલ મનાઈ અરજી અન્વયે શું હુકમ થયેલ? તે બાબતે કોઈ વિગતો જણાવવામાં આવેલ નથી. તેમજ આ કામે પ્રતિવાદી નં. ૧ ધ્વારા જે વેચાણ કરવામાં આવેલ છે તે સને ર૦૧૭ ના વર્ષમાં જ વેચાણ કરી દેવામાં આવેલ છે. ત્યારે સને ર૦રર સુધી વાદી તરફે તે બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. તેમજ જે પ્રતિવાદી નં. ૧

કે જેઓ વાદીના પિતા થાય છે અને તેઓ ધ્વારા પણ આ જ વ્યવહાર અગાઉના દાવામાં પડકારવામાં આવેલ હોય તે વ્યકિત કે જે વ્યવહાર થી પોતે પણ નારાજ થઈ દાવો દાખલ કરેલ હોય, તે પણ હાલના વાદીને આ બાબતે કોઈ જાણકારી ન આપે તે હકીકત માની શકાય તેમ નથી. તેમજ આ કામના પ્રતિવાદી નં. ૧ ના ભાગે હાલની દાવાવાળી મિલ્કત સિવાય પણ અન્ય મિલ્કતો પણ આવેલ છે. ત્યારે વાદી ધ્વારા જે વિભાજન માંગેલ તેમાં તેઓને ભાગે આવતી મિલ્કતો તેમના ભાગ માટે પુરતી છે કે કેમ? તે બાબતે પણ પુરાવો લેવો આવશ્યક છે. ત્યારે માત્ર વડીલોપાર્જીત મિલ્કત હોવા માત્રથી હાલના વાદીને વચગાળાના મનાઈ હુકમ મેળવવા માટે કોઈ પ્રથમદર્શનીય કેસ બનતો હોય તેમ માની શકાય તેમ નથી. તેમજ હાલમાં જે દાદ માંગવામાં આવેલ છે તે જમીન હાલમાં પ્રતિવાદી નં. ૪ વાળાનાઓએ રેવન્યુ રેકર્ડમાં પોતાના નામો દાખલ કરાવી અને પ્રતિવાદી નં. ૫ થી ૭ વાળાનાઓને વેચાણ કરવામાં આવેલ છે. તેમજ આ વેચાણ બાબતે પ્રતિવાદી નં. ૧ વાળા નાઓએ તથા પ્રતિવાદી નં. ૪ વાળાનાઓએ અવેજની રકમ આપવામાં આવેલ છે. ત્યારે જો ખરેખર વાદી કોઈ ભાગ મેળવવા હકકદાર બનતા હોય તેમ છતાં તેમના પિતાને મળેલ અવેજમાંથી પોતાનો ભાગ મેળવી શકે તેમ છે. ત્યારે હાલની અરજી અનુસંધાને વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરતા હોય તેમ માની શકાય તેમ નથી. ત્યારે હાલના મુદ્દા અન્વયેનો મારો જવાબ 'નકારમાં ' આપવામાં આવે છે.

<u>**મુદ્દા નંબર:– ૨**</u>

(૮) હાલના મુદ્દા અન્વયે વાદી ધ્વારા હાલની અરજી અન્વયે સગવડતાની સમતુલા તેઓની તરફેણમાં હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી બની રહે છે. ત્યારે આ કામે સૌ પ્રથમ વાદી હાલની અરજી અનુસંધાને પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલા છે. ત્યારે હાલની અરજી ઓનુસંધાને હકીકતો ઘ્યાને લેવામાં આવે તો તેમાં તેઓ પોતાની વારસાઈ હકક વાળીમિલ્કત તેમના પિતા ધ્વારા વેચાણ કરી દીધેલ હોવાની હકીકત રજુ કરેલ છે. ત્યારે દાવા હકીકત ઘ્યાને લેવામાં આવે તો આ કામે સૌ પ્રથમ તેમના પિતા ધ્વારા જમીન સને ૨૦૧૭ ના વર્ષમાં વેચાણ કરી દીધેલ છે. તેમજ આ જમીન વેચાણ થયા બાદ પ્રતિવાદી નં. ૫ થી ૭ સુધીનાઓને વેચાણ કરી દેવામાં આવેલ છે. ત્યારે જો હાલની મનાઈ અરજી અનુસંધાને માંગવામાં આવેલ દાદ ઘ્યાને લેતા આ કામના પ્રતિવાદી નં. ૫ થી ૭ નાઓ ધ્વારા યોગ્ય અવેજની રકમ આપી પ્રતિવાદી નં. ૪ પાસેથી ખરીદ કરેલ છે. ત્યારે જો હાલની અરજી મંજુર કરવામાં આવશે તો આ કામના પ્રતિવાદી નં. ૫ થી ૭ નાઓ

તેમની જમીનનો ઉપયોગ તેમની મરજી મુજબ કરી શકે તેમ નથી. વાદી માટે આવી કોઈ સગવડતાની સમતુલા જણાઈ આવતી નથી. ત્યારે મુદ્દા નંબર:– ૨ અન્વયેનો મારો જવાબ '' નકારમાં '' આપવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૩</u>

(૯) આ કામે હાલના મુદ્દા અન્વયે વ ાદી ધ્વારા એવી હકીકત રજુ કરવાની રહે છે કે, ત્યારે વાદી ધ્વારા આ દાવાવાળી મિલ્કતમાં પોતાની હિસ્સો સમાયેલ હોય અને તે પ્રતિવાદી તેમાં બીનખેતી કરી, પ્લોટીંગ કરી, ગીરો મુકી બક્ષીસ કરી અને અન્ય રીતે ટ્રાન્સફર કરી દે તો તેઓને નુકશાન થતું હોવાની રજુઆત કરેલ છે. ત્યારે ઉપરોકત બંને મુદ્દાઓ ધ્યાને લેવામાં આવે તો વાદી તે બંને મુદ્દાઓ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તેમજ જયારે આ મિલ્કત વેચાણ કરવામાં આવેલ તે સમયે આ મિલ્કતની રકમ પણ અવેજ પેટે પ્રતિવાદી ધ્વારા ચુકવી આપવામાં આવેલ છે. ત્યારે જો વાદી હાલની અરજી અન્વયે કોઈ દાદ આપવામાં ન આવે તો પણ તેઓ નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન થતું હોય તેમ જણાઈ આવતું નથી. ત્યારે હાલના મુદ્દા નંબર:– ૩ અન્વયે મારો જવાબ '' નકારમાં'' આપવામાં આવે છે.

(૧૦) ત્યારે આ કામે વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ ચુકાદાઓને ધ્યાને લેવામાં આવે તો વાદી તરફે સૌ પ્રથમ તેઓએ Ashwinbhai Somabhai Patel V/s. Nrugendraprasadji Ajendraprasadji pandey 2009(3) G. L. H. 138 ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો આધાર લીધેલ છે. ત્યારે મનાઈ અરજી વખતે કોર્ટ ધ્વારા દાવા હકીકતો અને તેના સમર્થનમાં રજુ કરવામાં આવેલ સોગંદનામા અને દસ્તાવેજો ધ્વાાર જ પ્રથમદર્શનીય કેસ માટે ધ્યાને લઈ શકાય પરંતુ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન વચગાળાના તબકકે કરી શકાય નહી. ત્યારે આ કામે વાદી જે હકીકતો આધારે હાલની અરજી દાખલ કરવામાં આવેલ છે તે હકીકતો આધારે જ વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકતા ન હોય. ત્યારે સદર ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વાદીને કોઈ રીતે સહાયક નીવડતા હોય તેમ માની શકાય તેમ નથી.

(૧૧) વધુંમા વાદી તરફે Adani Exports Limited V/s. Hindustan Organic Chemicals 2000(0) GLHEL-HC-200158 ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો

આધાર લીધેલ છે. ત્યારે સદર ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેતા માત્ર પ્રથમદર્શનીય કેસ ધ્યાને લેવાના હોય છે. સમગ્ર દાવા હકીકત ધ્યાને લેવાની આવશ્યકતા રહેતી નથી. પરંતુ હાલની અરજી અન્વયે કરવામાં આવેલ ઉપરોકત ચર્ચા ધ્યાને લેવામાં આવે તો તેમાં વાદી પોતાનો જ પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ ન હોય, ત્યારે હાલના ચુકાદાના સિધ્ધાંતો પણ વાદીને કોઈ રીતે સહાયક નીવડતા હોય તેમ માની શકાય તેમ નથી.

(૧૨) વધુંમા વાદી અરફે Khodabhai K Mali V/s. Rasiklal B. Bhodbunja 2008(1) G. L. H. 543ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો આધાર લીધેલ છે. ત્યારે આ ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેતા રેવન્યુ રેકર્ડ આધારે કોઈ માલીકીહકક પ્રાપ્ત થતા ન હોવાના સિધ્ધાંત રજુ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે હાલનો દાવો માત્ર રેવન્યુ રેકર્ડ આધારે કરવામાં આવેલ નથી પરં તુ તેમના પિતા ધ્વારા વેચાણ કરી દેવામાં આવેલ અને પોતાનો અવિભાજય ભાગ બાબતે દાખલ કરવામાં આવેલ છે. ત્યારે હાલના ચુકાદાના સિધ્ધાંતો વાદીને કોઈ રીતે સહાયક નીવડતા હોય તેમ માની શકાય તેમ નથી.

(૧૩) વાદી તરફે Rajesh Patel V/s. Rajendra Patel 2014(0) AIJEL-HC 231476 ના ચુકાદાના સિધ્ધાંતોનો આધાર લીધેલ છે. સદર ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો જયાં સુધી હીન્દુ અવિભાજય કુટુંબની મિલ્કત માપણી થઈ વિભાજન ન થાય ત્યાં સુધી પાર્ટીશનના હુકમનામા મુજબ વણવહેચાયેલો ભાગ ખરીદનારને હુકમાનામાની અમલવારી ની કાર્યવાહીમાં આપી શકાય નહી. ત્યારે હાલના દાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો વાદીના દાદાની મિલ્કત વિભાજન થઈ તેમના પિતાના ભાગે આવેલ અને તેમના પિતા ધ્વારા આ મિલ્કત પ્રતિવાદી નં. ૪ નાઓને વેચાણ આપી દીધેલ ત્યારે હાલના દાવાની હકીકતો ચુકાદાની હકીકતોથી તદ્દન ભીન્ન હોય, ત્યારે હાલના ચુકાદાના સિધ્ધાંતો પણ વાદીને કોઈ રીતે સહાયક નીવડતા ન હોવાનું મારૂ નમ્ર પણે માનવું છે.

(૧૪) વાદી તરફે Suhrid Singh V/s. Randhir Singh AIR 010 SC 2807ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનોઆધાર લીધેલ છે. ત્યારે સદર ચુકાદાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો તેમાં વાદી ધ્વારા માંગવામાં આવેલ દાદ અનુસંધાને કોર્ટ ફી ભરવા બાબતે છે. ત્યારે હાલમાં

દાવાના કામે કોર્ટ ફી બાબતે કોઈ તકરાર નિકાલ કરવાનો તબકકો નથી. ત્યારે આ ચુકાદાના સિધ્ધાંતો પણ વાદીને કોઈ રીતે હાલની અરજી અનુસંધાને સહાયક નીવડતા હોય તેમ માની શકાય તેમ નથી.

(૧૫) વાદી તરફે Dorab Cawasji Warden V/s. Coomi Sorab Warden and other air 1990 SC 867ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો આધાર રાખેલ છે. ત્યારે સદર ચુકાદાના સિધ્ધાંતો જોતા તેમાં અવિભાજય રહેણાંકનું મકાનમાં ગુજરનારની વિધવા તથા તેના પુત્ર ધ્વારા વાદીનો ભાગ પણ વેચાણ કરી દેવામાં આવેલ હતો. ત્યારે તેમને નાણામાં ન ભરપાઈ થઈ શકે તે પ્રકારનું નુકશાન માનવામાં આવેલ. પરંતુ હાલના દાવાની મિલ્કત એ ખેતીની જમીન છે, તેમજ તેમના પિતા ધ્વારા વેચાણ કરવામાં આવેલ છે. ત્યારે હાલના ચુકાદાની મિલ્કતો અને વ્યવહારની વિગતો હાલના દાવાની હકીકતોનથી તદ્દન ભીન્ન હોય, ત્યારે હાલના ચુકાદાના સિધ્ધાંતો વાદીને કોઈ રીતે સહાયક નીવડતા હોય તેમ માની શકાય તેમ નથી.

(૧૬) ત્યારબાદ વાદી તરફે Sant Ram Nagina Ram V/s. Daua ra, Magoma AIR 1961 Punjab 528, ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો આધાર લીધેલ છે. જેમાં જેમા સહ હિસ્સોરના હકકો બાબતે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. તેમના આવા હકકો પ્રસ્થાપિત દાવાના આખરી નિકાલ સમયે થઈ શકે તેમ છે. જયારે આ કામે હાલની કાર્યવાહી ધ્યાને લેતા વાદીના પિતા ધ્વારા દાખલ કરવામાં આવેલ દાવામાં પણ વચગાળાનો હુકમ મંજુર કરવામાં આવેલ ન હોય. ત્યારે હાલની વાદીની તરફેણમાં પણ આ ચુકાદાના સિધ્ધાંતો મુજબ કોઈ વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય નહી તેવું મારૂ નમ્રપણ માનવુ છે.

(૧૭) ત્યારબાદ વાદી તરફે Kantibhai Ishwarbhai Patel V/s. Chandrakantbhai Ishwarbhai ્ના ચુકાદાના સિધ્ધાંતોનો આધાર લીધેલ છે. જે ધ્યાને લેતા તેમાં પણ પુત્રના ભાગ બાબતેના સિધ્ધાંતો રજુ કરવામાં આ વેલ છે પરંતુ હાલની અરજી અનુસંધાને આ કામના વાદીને વચગાળાની કોઈ દાદ મળવાપાત્ર છેકે કેમ? તે બાબત છે. ત્યારે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા ધ્યાને લેતા હુકમ :– ૩૯ નિયમ ૧–૨અન્વયે મળી શકે તેમ ન હોવાનું જણાઈ આવતુ ન હોય ત્યારે હાલના ચુકાદાના સિધ્ધાંતો પણ વાદીને કોઈ રીતે સહાયક નીવડતો ન હોવાનું મારૂ નમ્ર પણે માનવું છે.

(૧૮) આમ, આ કામે ઉપરોકત મુદ્દાઓમાં કરવામાં આવેલ ચર્ચા ધ્યાને લેતા વાદી પોતે પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલા હોય, તેમજ સગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં જણાઈ આવતી ન હોય અને હાલની અરજી મંજુર કરવામાં ન આવે તો પણ વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન થતું હોય તે મુદ્દો પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા હોય. ત્યારે મુદ્દા નંબર:– ૪ અન્વયે વાદીની અરજી નામંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

::: હુકમ :::

વાદીની હાલની દિવાની કાર્યરીતી અધિનિયમ હુકમ:– ૩૯ નિયમ ૧– ૨ અન્વયેની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી નિકાલને અનુસરશે.

આજરોજ તા. ૧લી માહે જુલાઈ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧–૦૭–૨૦૨૪.
સ્થળ : જામનગર.

(સુનિલ મનહરભાઈ કામદાર)
જથા એડી. સીનીયર સીવી જજ,
જામનગર.
GJ 00984